# -: મધમાખી અને માખું :-

અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) નો એક નાદિર અને નાયાબ લકબ **"અમીરૂન્નહેલ"** છે. આકા અલી (અ.સ.) ઈમાનદારોના અમીર તો છે જ, પણ સાથે-સાથે આપ મધમાખી ના પણ અમીર છે. અગર આપ મધમાખીના અમીર હોય તો મુમેનીન નો રૂત્બો મધમાખી મુજબ છે. મૌ.ઈમામ અહમદિલ મસ્તૂર રસાઈલે ઈખ્વાનુસ્સફામાં મધમાખીની સિફતની ઝિક્ર લાવેલા છે અને મૌલાના અમીરૂલ મુમેનીન (અ.સ.) એ આપના એક ખુત્બામાં ફરમાવું કે, "કુન કન નેહલતે અલ્લતી તાકોલો તૈયેબન ફઈન વઝઅત તૈયેબન વકફત વલમ તકસિર વલમ તુફસિદ", અય ઈમાનદારો, મધમાખી મુજબ બનો કે જે પાક ચીઝ જમે છે અને જે વકત નીકાલે છે તો પાક ચીઝ નીકાલે છે, અને જે જગા પર બેસે છે અને ઠેહરે છે તે ચીઝને નુકસાન અને ફસાદ વાલી નથી કરતી. ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની એક હદીસે શરીફમાં ફરમાવું કે, "મસલુલ મુમિને મસલુન નેહલતે લા યાકોલો ઈલ્લા તૈયેબન વલા યઝઓ ઈલ્લા તૈયેબન", **મુમિનની મિસાલ મધમાખીની છે, જે જમે છે એ પણ ઉમદા અને જે મુકે છે એ પણ ઉમદા.** યાઅની કે મુમિન ના દિલને અંદર ઈમાનની બેશબહા અને કીમતી દૌલતો સરવત છે. મુમિનનો મરતબો તેથી જ મુમ્તાઝ છે.

**મુમિનની મિસાલ મધમાખીની છે,**
**જે જમે છે એ પણ ઉમદા અને જે મુકે છે એ પણ ઉમદા.**

રબ્બાનીએ ઉમ્મત મોહંમદુર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને અલીયુવ્વલીયુલ્લાહ (અ.સ.) એ મુમિનની મુશાબેહત અને સરખામણી એક માઅમૂલી ઝિન્દા ચીઝ મધમાખી સાથે આપી છે, તેમાં ઘણી રાઝ અને હિકમત પોશીદા છે. મધમાખી એક ઉમદા જગા પર પોતાના પૂડાને કારીગીરી અને મેહનતથી બનાવે છે. અને પોતાના અમીરના તાબએ ફરમાન રહીને જે ઈલાકામાં તેનો હાકિમ તેને મોકલે છે તે જગા પર જાય છે, ઉમદા નુગહત દાર ફૂલ પર બેસીને રસ ને ચુસે છે, એના શિકમ-પેટમાં તેનો ઝખીરો કરે છે અને પછી તેના ઘર (પૂડા) ને અંદર હિફાઝતથી એ શહદને જમા કરે છે. શહદની અસલીયત મીઠાશ છે. શહદ મૌસમની તબદીલી સાથે બીગડતો નથી; અને **શહદમાં ૭૨ બીમારીઓની શિફા છે**. શહદની ઝિક્ર કુરઆને કરીમમાં **"અસલે મુસફ્ફા"** ના નામ થી આવેલી છે અને જન્નતમાં આ જ શહદની નદીઓ છે અને કુરઆને કરીમમાં મધમાખી ના નામથી પૂરી સૂરત નાઝિલ થયેલી છે. હવે જે મધમાખીની અને શહદની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે એના કેટલા નફા, ફાયદા હોવા જોઈએ. આ સરખામણીથી મુમિનને લાયક અને શાયક છે કે, તેના ઈમાનને પોતાના દિલમાં બરાબર સાચવે, અને બોલે તો એવી શીરીં ઝબાનીથી બોલે કે તેના બોલમાં **ઇલ્મો હિકમતની ખુશ્બૂ** મેહકે.

મુમેનીન સઘલા અમીરૂન્નહેલ યાઅની મૌ.અલી (અ.સ.) ના ગુલામ છે. તેથી જે જગા પરથી ફાયદો હાસિલ થાતો હોય તે જગા ને નુકસાન પહોંચાવે નહી. હમેશા હર બોલ-ચાલમાં અને ચાલ-ઢાલમાં સાફ સુથરા રહે. જહાં તક કોઈ એને પરેશાન અને મજબૂર ન કરે વહાં તક એને નુકસાન પહોંચાવે નહી. મુમિન ઝબાનથી કલામ નીકાલે તો પાકીઝા અને હિકમતવાલા હોય જેથી ઝેહની અને કલબી બીમારીઓથી શિફા થાય. આ મધમાખીની સિફત છે.

**અલ્લાહતઆલા એ હર ઉમદા ચીઝના બર ખિલાફ એક નાપાક ચીઝને પૈદા કીધી છે.**

**અલ્લાહતઆલા એ હર ઉમદા ચીઝના બર ખિલાફ એક નાપાક ચીઝને પૈદા કીધી છે.** જન્નતને ખિલાફ જહન્નમ, ઠંડુ મીઠું પીવાને લાયક પાની ને ખિલાફ દરીયાનું ગરમ ખારું પાની, ખજૂર અને અંજીરના દરખ્તને ખિલાફ કાંટાદાર ઝરીઅ-ઝક્કૂમ અને લીમડા નું દરખ્ત, મધમાખીને ખિલાફ માખું અને મુમિનને ખિલાફ મુનાફિક. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "મસલુલ મુનાફિકે કમસલિશ શતીલ આએદતે બયનલ કટીઅતૈન. તઉદો એલા હાઝેહી મર્રતન વએલા હાઝેહી મર્રતન. લા તદરી ઐયહોમાં તત્તબેઓ.", મુનાફિકની મિસાલ બે ટોલાઓ ને દરમિયાન ભટકતી બકરીની મિસ્લ છે, ઘડીમાં આ તરફ જાય; ઘડીમાં બીજી તરફ જાય; એને સમઝ જ ન પડે કે કયા ટોલા સાથે રહે." મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, **"અલ મુનાફિકો કમસલિઝ ઝોબાબ", યાઅની મુનાફિક માખાં ની મિસિલ છે.** મૌલાના અલી (અ.સ.) એ મુનાફિકને માખું એ સબબથી કીધું છે કે, માખું નજાસતમાં રહે છે, એને ખબર જ ન પડે કે હલવો કયો અને નજાસત કઈ. થોડી વાર એ હલવા પર બેસે પછી એ નજાસત પર બણ-બણે; એને ઉડાદો તો ઉડી જાય પણ પાછું આવીને સતાવે અને બેચૈની પૈદા કરે. બીજી તરફ મધમાખી છે જે પાક અને સાફ સુથરી જગા પર રહે છે અને એ ફકત ફૂલોનો અરક જ ચુસે છે; પણ ફૂલ ને કે તેના રંગ અને તાઝગીને કોઈ નુકસાન પહોંચતુ નથી. અને જો એને છંછેડી એ જગા પરથી ઉડાવો તો એ દંખ મારે છે અને એક વકત ઉડે તો પાછી તે જગા પર આવતી નથી.

મુનાફિકને **"ઝુબાબ"** કહેલો છે અને ઝુબાબ યાઅની એ અડયલ અને ઝિદી જાનવર કે જે બણ-બણે, એના બેસવાને નઝદીકની જગાને ચો તરફ ઉડા કરે, હયરાન કરે, પરેશાન અને પશેમાન કરે. જે લોગો થોડું પણ સાયન્સનું ઈલ્મ રાખે છે તે જાણે છે કે માખાંના પગ પર બારીક બાલ હોય છે; જે વકત તે કોઈ ગંદકી, ગલાઝત અને નજાસત પર બેસે છે તો તેના જરાસિમ અને બેકટેરીયા તેના બાલ પર ચોંટી જાય છે અને તે બાદ તે બીજી કોઈ ચીઝ પર બેસે છે અને તેના પાછલા બે પગ એકબીજા સાથે મસલીને તે જરાસિમને તે પર ઝટકી દે છે અને નતીજતન પાક ચીઝને નાપાક બનાવી દે છે, તંદુરસ્તને બીમાર કરી દે છે અને નેક ને બદ કરી દે છે.

મુમેનીનના મઆશરામાં મુનાફિકોની આ જ હાલત અને કૈફીયત છે. એવા નાપાક સિફત લોગો પાક ચીઝને નાપાક બનાવવામાં માહિર હોય છે. **કેમકે તેની અવ્વલથી આખિર તમામ ચીઝ નાપાક હોય છે.** તે ગૈર પાકીઝગી પર જન્મો હોય છે, ગૈર પાકીઝા રહે છે અને ગૈર પાકીઝા નસલને જન્મ આપે છે અને માખાં જેમ જ હર વકત વાર જોઈ છે કે, કયારે કોઈ હવાનો ઝોંકો આવે કે તરત પોતાની ફિતનો ફસાદ કરવાની જગાને બદલી શકે. તે હક્કના સાહબ અને અલ્લાહના ઝમીન પરના હુજ્જતને ખિલાફ દુશ્મની અને અદાવતના હર હીલા અને તદબીર કામ લગાવી દે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસમાં મન્કૂલ છે કે, **"એઝા યએસલ ઇન્સાનો તાલા લેસાનોહુ"**, જે વકત ઈન્સાન હર તરહની કોશિશથી ના ઉમ્મીદ થઈ જાય છે તો તેની ઝબાન લંબી થઈ જાય છે, તુગયાની અને શયતાનીયતના સબબ મુનાફિકની ઝબાન અને કલમ ખૂબ તેઝ ચાલે છે. તે જે તેહરીર કરે છે તેના અલ્ફાઝમાં એક ડર પોશીદા હોય છે કે જેથી તેનું નામ ઈઝહાર નથી કરી શકતો.

મુમેનીનની જમાઅતને દરમિયાન મુનાફિકો, મધમાખીની જમાઅતમાં ચંદ રાહ ભટકેલા ફિતનાખોર માખાંની જેમ છે. મધમાખીની આઅલા તખ્લીકને, તેની પાકીઝગીને, તેના નિઝામને, તેની તહઝીબને અને તેના હાકિમની સરદારીને આ નાપાક સિફત માખાં ઓલખી શકતા નથી. તેથી મધમાખી તે માખાંને પોતાના સરદારના હુકુમને કુબૂલ કરવાનું કહે છે યા તેમની જાનની સલામતી વાસ્તે જમાઅતથી ખારિજ થઈ જાવાનું કહે છે. હવે મુમેનીનને સોચવાનું છે કે આ મુજબના હાલાતમાં મુનાફિકો સાથે શું કરવું ? પરહેઝગારી અને નેકીનો જૂઠો લિબાસ પહેરીને, ભલાઈની વાતો કરી બનાવટ કરનાર, જમાઅતના નામ પર બટ્ટો-દાગ લગાડનાર આવા ઢોંગી મુનાફિકોના લિબાસને ફાશ કરી તેની **મક્કારી અને ચાલબાઝીને** બાહર લાવવાનો વકત હવે કરીબ છે.

**હર ઝમાનમાં આવા ગંદી નફસના લોગો થઈ ગયા છે અને હમણા પણ આ સિલસિલો બાકી છે**

જેમ મધમાખીની ઝિંદગીની બાગદોડ તેના સરદારના હાથમાં છે તેમ મુમિનના રૂહાની વાલિદ તેના ઝમાનાના દાઈ છે જેથી તે ઈલ્મો હિકમત હાસિલ કરે છે. આ પાકો સાફ ઈલ્મ તેની રૂહને ઝિન્દા રાખે છે જેથી તેની મૌત બાદ તે રૂહ આલમે કુદસમાં પહોંચે છે અને તેની મગફેરત-નજાતનો સબબ બને છે. જેમ માખાંનો સરદાર હોતો નથી તેમ મુનાફિકની હાલત હોય છે. ઝમાનાના હાદી તરફથી તેને ઈલ્મો હિકમત ન મીલવાના સબબ તેની રૂહ મરી જાય છે અને તેની નફસ શયતાનના મકરો દગાના દલદલમાં ફસાઈ જાય છે. **હર ઝમાનમાં આવા ગંદી નફસના લોગો થઇ ગયા છે અને હમણા પણ આ સિલસિલો બાકી છે.** કેમકે જે મુનાફિકો ગુઝરી ગયા તેના ઝર્રાતમાંથી મુનાફિક પૈદા થાય છે, અને દાઅવતે હક્કના આ અદુવે મુબીન શયતાની ફિક્ર-સોચ સાથે મુનાફિકની શિકલો-સૂરતમાં કયામત તક આવતા રહેશે, મતલબ કે રેહમાની લોગો સાથે શયતાની લોગોનો ટકરાવ તો ચાલા જ કરશે. આ માખાં સિફત શયતાની લોગોની નાપાકી અલગ અલગ તરહથી ઝાહિર થાય છે. જેમ કે કોઈ સાહબે હક્ક પર બેબુનિયાદ ઈલ્ઝામ લગાવે છે, કોઈ સરકારી-દરબારી મુકદ્દમા દાખિલ કરે છે, કોઈ ગાલી-ગલોચ અને બદકલામી કરે છે, કોઈ બેવજહ-બેમતલબ પરચાબાઝી કરે છે, કોઈ ગૈર શખ્સને બોલાવી મસ્જિદમાં નારવાઁ હરકત કરે છે, કોઈ રઝા બગૈરના ઊમૂરને અંજામ આપે છે વગૈરા. આ તરહની તુગયાની અને ફિતનાનો સબબ ફકત ગુમ્રાહી અને હસદ છે જેનું ઠેકાણું ફકત જહન્નમ છે, જેમાં શયતાન-ઈબ્લીસ અને તેનો ગિરોહ હમેશા જલતો રહેશે. અલ્લાહતઆલા તું હમ મુમેનીનને આવા શયતાની મુનાફિકોની મકરબાઝીથી તારી પનાહમાં રાખજે. આમીન... ★